મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૩૭ ટકા
ગાંધીનગર તાપમાન

સ્પર્ધાત્મક પરીક્ષામાં થતા ચેડાંથી પરીક્ષાર્થીઓમાં રોષ

પરીક્ષાર્થીઓ માનસિક રીતે ભાંગી રહ્યા છે : બિન સચિવાલયની પરીક્ષા રદ થવાથી પરીક્ષાર્થીઓ નિરાશ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની બિન સચિવાલય સેવા કારકુન અને સચિવાલય સેવાના ઓફીસ આસિસ્ટન્ટ વર્ગ ૩ની સંવર્ગ પરીક્ષા મોકૂફ થવાથી પરીક્ષાર્થી નિરાશ થયા છે. ૧૩ ફેબ્રુઆરીએ આ પરીક્ષા યોજાવાની હતી જે વહીવટી કારણોસર મોકૂફ થતા પરીક્ષાર્થીઓમાં રોષ પણ જોવા મળી રહ્યો છે.

બિન સચિવાલયની પરીક્ષા છેલ્લી ઘડીએ મોકૂફ થતા પરીક્ષાર્થીઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આ પરીક્ષામાં સતત ત્રીજી વખત મુદત પડતા પરીક્ષાર્થીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. ગૌણ સેવા પસંદગી મંડળના આયોજનના અભાવે પરીક્ષાર્થીઓએ ભોગવવાનો વારો આવ્યો છે. છેલ્લી ઘડીએ પરીક્ષા કેમ રદ કરાઈ તે મુદ્દે કોઈ જવાબદારી લેવા તૈયાર નથી. ચેરમેનના રાજીનામા બાદ પરીક્ષા મુદ્દે કોઈ જવાબદારી લેવા તૈયાર નહીં હોવાથી પરીક્ષા મોકૂફ રખાઈ હોવાની ચર્ચા હતી. ૩ વર્ષ બાદ બિન સચિવાલય કલાર્કની પરીક્ષા ૧૩મીએ યોજાવાની હતી. ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસવાના હતા. અગાઉ બિન સચિવાલય પરીક્ષા રદ કરવા બાબતે ગાંધીનગરમાં ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું હતું. જેમાં ભરતી પરીક્ષાને રદ કરવામાં આવી હતી. હેડ કલાર્કની પરીક્ષામાં પણ પેપર ફૂટી જવાથી પરીક્ષાર્થીઓમાં નિરાશા સાથે રોષ ફેલાયો હતો. આમ, વારંવાર વિવિધ કારણોસર પરીક્ષા મોકૂફ અને રદ થવાના કારણે પરીક્ષાર્થી અને તેમના માતા-પિતાને ભોગવવાનું આવે છે. લાખો રૂપિયા ખર્ચીને પણ આ મોંઘવારીમાં માતા-પિતા પોતાના સંતાનને સરકારી નોકરીની તૈયારી કરવા માટે પરીક્ષાના કલાસ તથા વાંચન માટે લાઈબ્રેરીનો ખર્ચો આ સિવાય રહેવા જમવાની સગવડ માટે આર્થિક મદદ કરી આપે છે. દૂર દૂરથી પરીક્ષાર્થીઓ ગાંધીનગરમાં ત્રણ ચાર વર્ષોથી એકધારી મહેનત કરી રહ્યા છે. તંત્ર દ્વારા મનફાવે તેમ પરીક્ષાઓ રદ કરવામાં આવી રહી છે. જેનાથી માત્ર પરીક્ષાર્થીઓ હેરાન થઈ રહ્યા છે અને રૂપિયા કમાવવાવાળા કમાણી કરી કરી રહ્યા છે. દિન પ્રતિદિન સરકારી નોકરીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની વિશ્વસનીયતા ઘટતી જાય છે. સરકારી ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા પરીક્ષાર્થીઓનો પરીક્ષાઓ રદ થવા બાબતે મત લેવામાં આવ્યો હતો જેમાં પોતાની વેદના તેઓએ વ્યકત કરી હતી. પરીક્ષાર્થીઓની આ વેદના સરકારી અધિકારીઓ સમજી શકે તો ભવિષ્યમાં આવી ગેરરીતિઓ અટકી શકશે નહીં તો આમ જ પરીક્ષાઓ રદ થશે અને પરીક્ષાર્થીઓ નિરાશ થતા રહેશે.

જેટલી વાર પરીક્ષા રદ થઈ પેપર ફૂટયું એટલી વાર મનોબળ પણ તૂટયું. તેમ છતાં 'એક બાર ઔર' એવી સાંત્વના પોતાની જાતને આપી બેઠા થયા. પણ કેટલી વાર? ક્યાં સુધી? એટલા આગળ નીકળી ગયા છીએ કે અમારા એજયુકેશનના ફિલ્ડમાં પણ આઉટડેટેડ ગણાવા લાગ્યા છીએ. 'ના આ પાર કે ના પેલે પાર' જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે.

- હિમાંશુ સુતરીયા

●●●

છેલ્લા ૪ વર્ષથી બિન સચિવાલયની પરીક્ષાની તૈયારી કરું છું. પરંતુ દર વર્ષે પરીક્ષા કેન્સલ થઈ રહી છે. ગૌણસેવાની પરીક્ષા પધ્ધતિથી વિદ્યાર્થીઓને આર્થિક માનસિક સામાજિક રીતે તુટી જવાય છે.

- અજય ડામોર

●●●

હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું છું. જેમાં ફકત બિન સચિવાલયની પરીક્ષાની તૈયારી કરુ છું. પણ ત્રણેય પરીક્ષામાં માત્ર કોલ લેટર જ હાથમાં આવ્યા છે. પરીક્ષાનું કોઈ નામો નિશાન નથી. ગૌણસેવાવાળા અધિકારીઓની ખોટી પધ્ધતિઓનો ભોગ પરીક્ષાર્થીઓને બનવું પડે છે. માનસિક રીતે તૂટી જવાય છે.

- બિરેન્દ્ર મેણાત

●●●

બિન સચિવાલય કારકૂન અને સચિવાલય ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષા રદ થયા બાદ ફરીથી પરીક્ષાની તૈયારીમાં લાગ્યા હતા પરંતુ સરકારના અને ગૌણસેવા પસંદગી મંડળના અણઘડ વહીવટને કારણે ફરીથી પરીક્ષા રદ કરી છે. જેથી પરીક્ષાની તૈયારી કરતા લાખો પરીક્ષાર્થીઓ નિરાશ અને હતાશ થયા છે.

- મેઘના પ્રિયદર્શી

●●●

સરકારની નિષ્ફળતા સાફ દેખાય છે. જે રીતે વિદ્યાર્થીના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. છેલ્લા ૩ વર્ષથી એક જ આશામાં વિદ્યાર્થી મહેનત કરે છે કે પરીક્ષા આવશે અને પાસ થઈને નોકરીએ લાગીએ પણ હવે પરીક્ષા લેવાશે કે નહીં? લેવાશે તો નિષ્પક્ષ લેવાશે ખરી? વિદ્યાર્થીઓના ભવિષ્યની સાથે ચેડાં થઈ રહ્યા છે તથા તેમના પરિવારના સભ્યો સાથે પણ અન્યાય થાય છે. વિદ્યાર્થી મિત્રોએ હજી કેટલી રાહ જોવાની? વધતી ઉંમર સાથે કેટલી ધીરજ રાખવી?

- નિકુંજ મોદી

●●●

એક પણ ભરતી નિષ્પક્ષ રીતે નથી થઈ. સરકાર અને તેના અધિકારીની ભૂલ અને નિષ્ફળતાનો ભોગ વિદ્યાર્થી શા માટે બને? ક્યાં સુધી પરીક્ષાઓમાં ચેડાં થતાં રહેશે? સરકારના અધિકારીઓના કારસ્તાનો પરીક્ષાર્થીઓએ ક્યાં સુધી વેઠવાના? અમારી મહેનત પર પાણી ફરી વળે છે. ઉંમર પણ વધી રહી છે. ઘરના સભ્યોની જવાબદારી લેવાના સમયે હજુ સુધી કોઈ નોકરી નથી મળી રહી. સરકારે ગંભીરતા લેવી જ જોઈએ.

- અલ્પેશ દામા

જન્મદિને વધામણી

સરોજબેન કેતનકુમાર પટેલ
મો. ૬૩૫૨૦ ૮૭૯૨૩

કુસુમબેન જોષી
લાયન્સ ક્લબ, ફેમીના

ધવલસિંહ અરવિંદસિંહ વાઘેલા
મો. ૯૯૨૫૫૯૮૨૭૩

ક્રિશિવ ધવલ ત્રિવેદી
મો. ૯૮૭૯૧૬૯૭૬૩

દિપેશ સંજયભાઈ વાળંદ
સાઠંબા

વાવોલ ખોડિયાર ધામનો પાંચમો પાટોત્સવ સાથે સંસ્કૃત પાઠશાળાનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના વાવોલ ખાતે પુન્દ્રાસણ રોડ પર સ્થિત આઈ શ્રી ખોડિયાર ધામના પાંચમાં પાટોત્સવ નિમિતે તા.૫મી ફેબ્રુઆરી વસંત પંચમીના રોજ હવન અને ફુલોના ગરબા યોજાયાં હતાં. આ કાર્યક્રમમાં અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર પૂ.દીલીપદાસજી મહારાજ, ધોળેશ્વર મંદીરના મહંત, વાવોલ રામધામના મહામંડલેશ્વર પૂ.મધુસુદન મહારાજ, બાલવા ખાતેના આશ્રમના પૂ.ગીતાદીદી, સંત રાજેશ્વરાનંદ, અગ્નિ શીખાજી તથા અન્ય સંતો, આચાર્યો અને શ્રીહોમગુરુજી સહિત ભાવિક ભકતોની હાજરીમાં સંસ્કૃત પાઠશાળાનો શુભારંભ કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આઈ શ્રી ખોડિયાર ધામના પિઠાધીશ્વર સોમાભાઈ અંબાલાલ પ્રજાપતિ - પાઘડી શેઠ તથા સોમ-મણી ફાઉન્ડેશનના ટ્રસ્ટી પંકજભાઈ અને એડવાઈઝર કમલેશભાઈએ અથાગ પરીશ્રમથી સંસ્કૃત પાઠશાળા શરૂ કરવા મંદીરની છત્રછાયામાં નવીન ઓરડાં બનાવી વસંતપંચમીના શુભ દિવસે શાળાનું ઉદઘાટન કરી રૂષિકુમારોના ભાવિને વેદોકત જ્ઞાન આપી દેશને હિન્દુ સંસ્કૃતિનો દુનિયામાં પ્રસરાવવાના પ્રયાસ કરવાના સંકલ્પને પરિપૂર્ણ કર્યો છે.

વસંતોત્સવ-૨૦૨૨ માટે સ્ટોલ મેળવવા ૨૫ ફેબ્રુઆરી સુધી હસ્તકલાના કારીગરો અરજી કરી શકશે

ગાંધીનગર, તા.૧૦

આગામી માર્ચ-૨૦૨૨ દરમ્યાન વસંતોત્સવ (લોક મેળો)-૨૦૨૨નું આયોજન સંસ્કૃતિ કુંજ, સેકટર-૯, ગાંધીનગર ખાતે કરવામાં આવનાર છે. આ લોક મેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા કાફટ બજાર યોજાનાર છે.

વસંતોત્સવ (લોક મેળો)માં હસ્ત કલાના (ડી.સી. કાર્ડ ધરાવતા) કારીગરોએ હસ્તકલાની કૃતિઓના પ્રદર્શન અને વેચાણ માટે સ્ટોલ મેળવવા માટે તેમજ ખાણી-પીણીનો સ્ટોલ મેળવવા માટે તા.૨૫/૦૨/૨૦૨૨ સુધીમાં જરુરી આધાર સાથે કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં. ૧૧/૩જો માળ ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ને અરજી મોકલી આપવા યાદીમાં જણાવાયું છે.

'શું તમે વેક્સિનેશન માટે આવ્યા છો?' આ રસીકરણ અભિયાને તો ગજબની રમૂજ સર્જી...!!!

ગાંધીનગર, તા.૧૦

કોરોના મહામારીએ આપણાં સમાજ જીવન પર ખૂબ ઘેરી અસર કરી છે. એટલું જ નહી પરંતુ સરકાર દ્વારા આ મહામારીને નાથવા માટે અસરકારક હથિયાર ચલાવાઈ રહેલું 'ઘર ઘર રસીકરણ'નું કોરોના વેક્સિનેશન અભિયાન પણ નાગરિકોના માનસપટ પર એટલું બધું છવાઈ ગયું છે કે સૌને હવે જ્યાં ને ત્યાં બસ કોરોના રસીકરણ સંબંધિત બાબતો અને વાતો જોવા સાંભળવા મળે છે. જેના કારણે ક્યારેક રમૂજી છબરડાં પણ સર્જાતા હોય છે. શહેરમાં એક તરફ લગ્નગાળાની સિઝન પુરબહારમાં ખીલી છે જ્યારે બીજી તરફ સરકાર દ્વારા કોરોના રસીકરણ અભિયાનને પણ સઘન રીતે ચલાવાઈ રહ્યું છે. આ સમયે જેમના ઘરે લગ્નપ્રસંગ હતો તેવા એક પરિવારનાં રમૂજી ઘટના સર્જાઈ હતી. આ ઘટના અંતર્ગત ઘરના મોભી મહિલાએ લગ્નની તૈયારીના ભાગરૂપે બ્યુટી પાર્લર સર્વિસને લગતાં કામ માટે બ્યુટીશિયનને ઘરે બોલાવ્યાં હતાં જેઓ પોતાની સાથે તેમના બ્યુટીપાર્લરના જરૂરી સરસામાનનું એક ચોરસ બોક્સ લઈને આવ્યાં હતાં. ખુબ જ સારી રીતે પોતે તૈયાર થઈને આવેલા બ્યુટિશ્યને તેમનું આ બોક્સ ડ્રોઈંગ રૂમની ટિપોઈ પર મૂક્યું હતું અને કામ શરૂ કરવા માટે ઘરના મોભી મહિલાની સુચના મળે તેની રાહ જોતાં બેઠાં હતાં. બરાબર આ દરમ્યાન જ ઘરના મોભી પુરુષે ઘરમાં એન્ટ્રી લીધી હતી અને તેમણે તે બ્યુટિશ્યનને અને પેલા બોક્સને જોઈને સવાલ કર્યો હતો કે 'શું તમે વેક્સિનેશન માટે આવ્યા છો?' આ સવાલ સાથે પહેલાં તો બ્યુટિશ્યન ચોંકી ઊઠ્યાં હતાં પરંતુ ત્યારબાદ તેઓ હસી પડ્યા અને તેઓ બ્યુટી પાર્લરમાં કામ માટે આવ્યા હોવાની હકીકત જણાવતાં પેલા મોભી પુરુષ સહિત સમગ્ર પરિવાર પણ ખડખડાટ હસી પડ્યો હતો.

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા ૧૪મીએ પટોત્સવની મહાપુજા

ગાંધીનગર, તા.૧૦

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, સેકટર-૧૨ ખાતે મહાસુદ તેરસના દિવસે ૧૩ અને ૧૪મીએ શ્રી વિશ્વકર્મા ભગવાન તથા રાંદલ માતાજીના પાટોત્સવનુ આયોજન કર્યું છે. કોરોના મહામારીની સાંપ્રત પરિસ્થિતિને કારણે સમગ્ર સમારોહ સાદગીપૂર્વક યોજવામાં આવશે. આ શુભ દિવસે મહાપૂજાનું આયોજન કરાયું છે. તેના દર્શનનો સૌ જ્ઞાતિજનોને લાભ લેવા નિમંત્રણ પાઠવ્યું હતું. પાટોત્સવના આ કાર્યક્રમમાં યથાશકિત દાન આપી સહભાગી બનવા જણાવાયું હતું. ૧૪મીએ સાંજે સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું નથી. કોરોનાના કારણે આયોજનમાં ભોજન વ્યવસ્થા મોકુફ રાખી છે.

સે-૩ ન્યૂ શિવશકિત મંદિર ખાતે ૧૪મીએ વિશ્વકર્મા જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

શિવશકિત મંદિર સેકટર-૩ ન્યુ ખાતે મંદિરના ૨૦મા પાટોત્સવની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે મહા સુદ તેરસના દિવસે ૧૪મીએ યોજાશે. બપોરે ૧.૩૦ કલાકે યજ્ઞ પ્રારંભ થશે. સાંજે ૪.૪૫ કલાકે પૂર્ણાહૂતિ અને સાંજે ૪.૩૧ કલાકે અંબાજી અને મહાકાલેશ્વર દાદાની ધ્વજારોહણ કરવામાં આવશે. જેમાં સરકારી ગાઈડલાઈન મુજબ ભકતજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં સર્જનાત્મક લેખન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના સંવાદ દ્વારા સર્જનાત્મક લેખન કાર્યક્રમ યોજાયો હતો. સંવાદ અંતર્ગત ક્રિએટીવ રાઈટીંગ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. હરિતભાઈ પટેલે વિદ્યાર્થીનીઓને પોતાની ક્રિએટીવ શકિતને બહાર લાવવા પર ભાર મૂકયો હતો. સંવાદ પ્રવૃત્તિના ઈન્ચાર્જ ડૉ. પ્રણવ જોષીપુરાએ વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિનું મહત્વ સમજાવ્યું હતું. કોલેજની ૧૯ વિદ્યાર્થીનીઓએ પોતાની સ્વરચિત સર્જનોનું વાંચન કર્યું હતું. જેમાં કવિતા, વાર્તા, પાત્ર વર્ણન, પ્રસંગ વર્ણન વિગેરે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં સંવાદ સમિતિના પાયલબેન પંડયા, ડૉ. મનુભાઈ પરમાર તેમજ તેજસભાઈ શાહ ઉપરાંત બહોળી સંખ્યામાં અધ્યાપકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.



શહેરમાં એસએમબી સ્કૂલ પેથાપુરમાં અભ્યાસ કરતી ૧૨ વર્ષની ધ્યાની શ્રેયશભાઈ કોઠારીએ સુંદર ચિત્રો દોર્યા હતા. સાતમા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ પતંગિયુ, મિત્રો સાથેની મૈત્રી, એક સુંદર છોકરીનું ચિત્ર દોર્યું હતું. કલાકૃતિમાં નાનપણથી અવનવા શોખ ધરાવતા શહેરના બાળકો અદભૂત કલા પ્રદર્શિત કરી રહ્યા છે.

જુસિકા દ્વારા સે.૨સીના દિવંગત મહિલાનું ચક્ષુદાન મેળવાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ગુરૂવારે ચક્ષુદાન મેળવાયું હતું જેને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં સુરક્ષિત રીતે પંહોચાડવામાં આવ્યું હતું. ગાંધીનગરના સેક્ટર-૨-સીમાં પ્લોટ નં.૮૧૨/૧ ખાતે રહેતા ૬૧ વર્ષીય ભારતીબેન ઘનશ્યામભાઈ પટેલનું તા.૯મી ફેબ્રુઆરીના રોજ અવસાન થવા પામ્યું હતું. સ્વર્ગસ્થના કુટુંબીજન ઘનશ્યામભાઈ પટેલની સંમતિથી જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન મેળવવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સ્વર્ગસ્થના ચક્ષુ એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડો.વ્યોમાબેન અને મિતેષભાઈ તેમજ જુસિકાના કાર્યકર દિલીપભાઈ દંતાણી દ્વારા પુરી પાડવામાં આવી હતી. એકત્ર કરાયેલાં ચક્ષુઓને દિલીપભાઈ દંતાણી દ્વારા અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં સુરક્ષિત રીતે પંહોચાડવાનું ભગીરથ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજમાં યોગદાન અંગે સંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા કુલપતિ હર્ષદ પ્ર. શાહના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનોવિજ્ઞાન વિભાગના સેમેસ્ટર-૨, સેમેસ્ટર-૪ અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુલપતિ હર્ષદ પ્ર. શાહે પોતાના પ્રવચનમાં મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વિશિષ્ટતાઓની સાથે બાળ મનોવિજ્ઞાનનું વાસ્તવિક જીવન સાથેનું મહત્ત્વ અને ઉપયોગિતા ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને વાચન વધારવા માટે પ્રેરણા આપી હતી. પુસ્તકોનું મહત્ત્વ સમજાવતાં તેમણે કહ્યું કે, પુસ્તકો એ આત્માનો ખોરાક છે. ઉપરાંત તેમણે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજમાં યોગદાન અંગે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે વિભાગ અધ્યક્ષ પ્રો. બી. ડી. ઢીલા તથા અન્ય અધ્યાપકો હાજર રહ્યા હતા. કુલપતિશ્રી અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંવાદ રસપ્રદ રહ્યો હતો. કાર્યક્રમના સંચાલક અને સંયોજક તરીકેની ભૂમિકા ડૉ. અંજના ચૌહાણે નિભાવી હતી.

સરકારી વાણિજય કોલેજ દ્વારા કોરોના રસીકરણ જાગૃતિની કામગીરી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

સરકારી વાણિજય કોલેજ ગાંધીનગર દ્વારા તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવના પંચ પ્રકલ્પ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઈન્દ્રોડા, ધોળાકુવા, રાયસણ, કોબા તેમજ કુડાસણ પાંચ ગામોની મુલાકાત લઈ ત્યાં લોકોમાં કોરોના રસીકરણ વિશે જાગૃતિ ફેલાવી, માસ્ક ડિસ્ટ્રીબ્યુશન તેમજ સફાઈ અભિયાનની કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર કામગીરીનું સંકલન ડૉ. કે. એસ. વ્યાસ, પ્રો. એમ. એન. રાઠોડ તેમજ ડૉ. દિપલ પટેલ દ્વારા આચાર્ય શ્રી ડૉ. એ. એન. સુતરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

એસ.વી. સ્કૂલમાં બાળકોને 'ટેબલ મેનર્સ'ની ટ્રેનિંગ અપાઈ

ગાંધીનગર, તા.૧૦

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકોને 'ટેબલ મેનર્સ' ની ટ્રેનિંગ આપવામાં આવી હતી, જેમાં શિક્ષિકાઓએ બાળકોને ભોજન લેતા પહેલાં હેંન્ડવોશથી હાથ સ્વચ્છ કરીને અને ભગવાનની પ્રાર્થના કરીને ભોજનની શરૂઆત કરવાની શીખ આપી, ભોજન દરમ્યાન કાંટા-ચમચી, પ્લેટ, બાઉલ, ગ્લાસ અને નેપ્કિનનો કેવી રીતે ઉપયોગ કરવો, તેનું ડેમોન્સ્ટ્રેશન પણ કર્યું હતું. આ ઉપરાંત, ભોજન કરતી વખતે બરોબર ચાવી-ચાવીને ખાવું, શાંતિ જાળવવી, ડિશ કે ચમચીનો અવાજ ન કરવો, અનાજનો બગાડ ન કરવો જેવી તમામ બાબતોની દાખલાઓ આપીને વિસ્તારપૂર્વક સમજ આપી હતી. ભોજન ટેબલ ઉપર બેસીને કરવામાં આવે કે જમીન ઉપર, ભોજનના અંતે હાથ ધોઈને ભગવાનનો આભાર માનવાની પણ શીખ આપવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. નાયક દિનેશભાઈ રતિલાલ,** ઉ.વ. ૭૦, વાવોલ
- **સ્વ. ભાવસાર સતીષભાઈ બળદેવભાઈ,** ઉ.વ. ૬૦, પેથાપુર
- **સ્વ. ઠાકોર જ્યોત્સનાબેન ગોવિંદજી,** ઉ.વ. ૫૫, કોઠા, કલોલ